**<u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી</u>**
**<u>(સીની.સીવીલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ</u>**

**<u>નવા ફોજદારી કેસ નં.૬૩૯૨/૨૦૧૮</u>**

**<u>આંક– ૦૬</u>**

**<u>ફરીયાદી ::–</u>** ઈન્સપેકર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન
(શ્રી એ.એસ.સંઘવી ઈન્સપેકર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન, અમદાવાદ)

**<u>– : : વિરુધ્ધ : : –</u>**

**<u>આરોપી ::–</u>** (૧) પ્રવિણભાઈ ભગવાનદાસ પટેલ
બી–૩૦૧,૩૦૨, શિક્ષાપત્રી એલીગન્સ,
સોલા ભાગવત વિઘાપીઠ પાસે,
સોલા, અમદાવાદ

(૨) સ્પંદન એસોસીચેટસ
સી–૮૦૩/બી, ગણેશ મેરિડીયન,
એસ.જી.હાઈવે, સોલા બ્રિજ પાસે,
અમદાવાદ

**ગુનો :–** ધી બીલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ ૧૯૯૬ હેઠળ નિયમ ૫૫(૧) નાં ભંગ હેઠળ

**<u>–:: ઠ રા વ ::–</u>**

---

ફરીયાદી તરફે .. ફરીયાદી જાતે હાજર
આરોપી તર્ફે .. આરોપી જાતે હાજર

---

**–:: <u>ઠ રા વ</u> ::–**

**(૧)** <u>નામ.ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સીવીલ જજ તથા જયુ.મેજી.ફ.ક.ને મળતા સદરહું ફોજદારી કેસ અત્રેની અદાલતમાં નવો દાખલ થતા,સદરહું ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૬૩૯૨/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.</u>

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે,આ કામના ફરીયાદી ફેકટરી એકટની ક.૮ નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામના ફરીયાદીએ આરોપી બાંધકામની સાઈટની મુલાકાત લેતા,બાંધકામ સાઈટમાં તા.૦૮/૦૬/ ૨૦૧૮ નાં રોજ અન્ય નિરિક્ષક શ્રી એન.આર.ચૌધરી સાથે પ્રાથમિક તપાસ અર્થે મુલાકાત લીધી હતી. આ બાંધકામ સાઈટ ઉપર ૧૦ થી વધુ બાંધકામ શ્રમયોગીઓને કામે રોકીને રેસીડેન્સીયલ+કોમર્શીયલ બિલ્ડીંગનુ બાંધકામ કરવામાં આવતુ હતું. ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ ૧૯૯૬ની કલમ ૧(૪) મુજબ સદર અધિનિયમની જોગવાઈઓ લાગુ પડે છે.ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ નાં નિયમ ૫૫(૧) મુજબ દરેક એમ્પ્લોયરે તેમનાં નિયંત્રણ હેઠળ મકાન અથવા અન્ય બાંધકામની કામગીરી શરૂ કરતા પહેલા ઓછામાં ઓછા ૩૦ દિવસ અગાઉ અને ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ કલમ ૪૬(૧) મુજબની અન્ય વિગતોની લેખિતમાં જાણ આ નિયમો સાથે જોડાયેલ ફોર્મ નં.૪ માં બાંધકામ પ્રવૃતી શરૂ કરવાની જાણ મારી કચેરીમાં કરવાની હોય છે. આમ, પ્રિન્સીપાલ એમ્પલોયરે ઉપરોકત બાંધકામ સાઈટ પર બાંધકામ કામગીરી શરૂ કરતા પહેલા ઓછામાં ઓછા ૩૦ દિવસ અગાઉ અને ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ કલમ ૪૬(૧) મુજબની અન્ય વિગતોની લેખિતમાં જાણ આ નિયમો સાથે જોડાયેલ ફોર્મ નં.૪ માં બાંધકામ પ્રવૃતી શરૂ કરવાની જાણ મારી કચેરીમાં કરેલ ન હોઈ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ ૧૯૯૬ ની કલમ ૪૬ સાથે વાંચતા ધી ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ રૂલ્સ ૨૦૦૩ નાં નિયમ- ૫૫(૧) ની જોગવાઈઓનો ભંગ બદલ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ ૧૯૯૬ ની કલમ ૪૮ હેઠળ શિક્ષા પાત્ર ગુન્હો બને છે.

(૨) ઉપરોકત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦(૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ તેમના વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ,ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ,ત્યારબાદ તેઓની આંક-૦૪થી પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને આંક-૦૫ થી કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીએ ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબલુ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂઘ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા આરોપી પોતાને ગુન્હો કબલુ હોવાનુ જણાવલે છે.ત્યાર બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવતા તમો પણ આરોપીએ પોતાની સામનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબલુ કરતા હોવાનુ જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તમેજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરલે રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપી

ને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરલે સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

**૧)** કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ ગુજરાત ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ ૧૯૯૬ ની કલમ ૪૮ હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને રૂા.૫૦૦/– + રૂા.૫૦૦/– કુલ રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ, અને જો દડં ન ભરે તો દિન.–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

**૨)** આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**૩)** આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજ નામ.ઔધોગિક અદાલત,ગુજરાત રાજયના નોટિફીકેશન નં. NO.ICLC/9158/2019,Dt.10/07/2019 મુજબ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩ –૦૭–૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**( દિપક હસમુખભાઈ ખંભાતી)**
**CODE : GJ00866**
**એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**